# કાપણી પછી તરત જ જીરૂ વેચવાનો નિર્ણય ખેડૂતો લઈ શકે છે

હજારો વર્ષથી માણસના ખોરાકમાં જીરાનો ઉપયોગ થાય છે. જીરાનો પાક મધ્ય પૂર્વ અને ભૂમધ્ય સમુદ્ર કાંઠાના દેશો, ભારત અને ચીનમાં ઉગાડવામાં આવે છે. વિશ્વમાં ભારત જીરાનો સૌથી મોટો ઉત્પાદક અને વપરાશ કરતો દેશ છે. ગુજરાત અને રાજસ્થાન એ જીરાનું ઉત્પાદન કરતા બે મુખ્ય રાજ્યો છે, જે દેશના કુલ ઉત્પાદનનો ૯૫ ટકા કરતા વધારે હિસ્સો ધરાવે છે. વિશ્વભરમાં લોકો જીરાનો ઉપયોગ ખોરાકમાં મસાલા તરીકે તેમજ તેના તેલનો ઉપયોગ સુગંધી દ્રવ્ય (અતર) તરીકે કરે છે.

ભારતમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન, પ્રતિકૂળ હવામાનને કારણે જીરાનું વાવેતર અને ઉત્પાદનમાં ઘણો ઘટાડો થયેલ હતો, પરિણામે ૨૦૨૨-૨૩ની કાપણીની મોસમ પછી તેના ભાવમાં ઐતિહાસિક વધારો થયો હતો. જેથી ચાલું વર્ષ ૨૦૨૩-૨૪ માં જીરાનું વાવેતર વધીને અંદાજે ૧૨.૫ લાખ હેક્ટર જેટલું થયેલ છે, જે ગત વર્ષે ૭.૧૪ લાખ હેક્ટર હતું અને અનુકૂળ હવામાનને લીધે ચાલું વર્ષે ઉત્પાદન મધ્યમ થી સારું અંદાજીત ૭.૬ લાખ ટન જેટલું થશે, જે ગયા વર્ષે ૪.૬૩ લાખ ટન જેટલું થયેલ.

ગુજરાતમાં ચાલું વર્ષ ૨૦૨૩-૨૪ માં, જીરાનું વાવેતર વધીને ૫.૪૭ લાખ હેક્ટર જેટલું થયેલ છે, જે ગયા વર્ષ ૨.૭૬ લાખ હેક્ટર હતું. તેમજ ઉત્પાદન લગભગ બમણું અંદાજીત ૪.૦૮ લાખ ટન (બીજો આગોતરો અંદાજ તા. ૧૭-૦૧-૨૦૨૪) જેટલું થશે, જે ગત વર્ષ ૨૦૨૨-૨૩ માં ૨.૧૪ લાખ ટન જેટલું થયેલ. અમુક સંસ્થાઓના અહેવાલ મુજબ, રાજસ્થાનમાં જીરાનું વાવેતર ગયા વર્ષ કરતા ઘણું વધારે હોઈ શકે છે, અને ઉત્પાદન સામાન્ય રહેશે.

દેશમાંથી જીરાની નિકાસ વર્ષ ૨૦૨૧-૨૨ માં ૨.૧૭ લાખ ટન જેટલી થયેલ, જે ઘટીને વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧.૮૬ લાખ ટન થયેલ. જે ઓછો પુરવઠો અને ઊંચા સ્થાનિક ભાવને લીધે ચાલું વર્ષે એપ્રિલ થી ડીસેમ્બર, ૨૦૨૩ સુધીમાં ઘટીને માત્ર ૧.૦૭ લાખ ટન જીરાની નિકાસ થયેલ છે. તેથી, ફેબ્રુઆરી, ૨૦૨૩ માં ગુજરાતની વિવિધ બજારમાં જીરાનો ભાવ મણનાં રૂ. ૫૬૦૦ જેટલા હતા, જે વધીને મેં, ૨૦૨૩ મણનાં રૂ. ૮૪૦૦ થયા હતા અને આગળ વધીને ઓગસ્ટ-સપ્ટેમ્બર, ૨૦૨૩ માં મણનાં રૂ. ૧૧૦૦૦ જેટલા ઉંચા ગયેલ. ત્યારબાદ સારા ચોમાસા અને આયાતને કારણે જીરાના ભાવ ઘટવા લાગ્યા અને આ વર્ષે સારા ઉત્પાદનના અહેવાલને લીધે જાન્યુઆરી, ૨૦૨૪ માં ઘટીને મણનાં રૂ. ૫૬૦૦ જેટલા થયા અને હાલ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના છેલ્લા સપ્તાહમાં મણનાં રૂ. ૪૭૦૦ ની આજુબાજુ પ્રવર્તમાન છે, જે થોડી વધ-ઘટ સાથે આ સ્તરે રહેવાની સંભાવના છે.

દેશમાં જીરાનું ઉત્પાદન અને બજારના અહેવાલોને ધ્યાનમાં લઈ, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢની સંશોધન ટીમે રાજકોટ માર્કેટ યાર્ડનાં જીરૂના ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેષણ કરેલ છે. જે વિશ્લેષણ મુજબ એવું તારણ છે કે **માર્ચ થી એપ્રિલ, ૨૦૨૪ દરમિયાન જીરૂનાં ભાવ (કાપણી સમયે) મણનાં રૂ. ૪૭૦૦ થી ૫૨૦૦ (ક્વિન્ટલ દીઠ રૂ. ૨૩૫૦૦ થી ૨૬૦૦૦) રહેવાની સંભાવના છે.** જેથી ઉપરોક્ત પરિસ્થિતિની નોંધ લઈ, જીરૂનો સંગ્રહ ન કરતા, કાપણી પછી તરત જ વેચાણ કરવા ખેડૂતભાઈઓ પોતાની રીતે નિર્ણય કરી શકે છે.

આ વર્ષે ભારતમાં જીરાનુ વધુ ઉત્પાદન થવાનો અંદાજ હોવાથી નજીકના ભવિષ્યમાં જીરાનો ભાવ વધવાની શક્યતા ઓછી છે.